| | |
|---|---|
| GJVD020625082024 | ક્રિમીનલ કેસ નં. ૫૪૧૩૭/૨૦૨૪<br>આંક– |

**જ્યુડી.મેજી.ફ.ક., ત્રીજી કોર્ટ, શ્રી નીરજ કુમાર યાદવ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. વડોદરા.**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : લલીતાબેન રાજુભાઇ માળી**

**ગુનો : ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ એ.એ. મુજબ.**

**ચુ કા દો**

(૧) હાલના આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ: ૬૫ એ. એ. મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ત્યારબાદ આજરોજ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓની સામેનો ગુનો સ્વૈછીક રીતે કબુલ કરવા માંગતા હોય તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે, ત્યારબાદ, આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તેમજ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, તેમજ તેઓએ રજુઆત કરેલ છે કે, તેઓ ગરીબ માણસ છે તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી રહેલ છે જેથી જો તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેમના પરિવારને અસર થશે. તેમની આ પ્રથમ ભુલ છે તેમજ હવે પછી આવી ભુલ નહીં કરવાની ખાત્રી આપી તેમને ઓછામાં ઓછી સજા કરવા રજુઆત કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણાવવા છતાં અને સમજાવવા છતાં પણ આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબૂલ કરતા હોઈ, કબુલાત પુરસીસ રેકર્ડ ઉપર લેવામાં આવેલ.

(૩) આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એ.એ. મુજબનાં ગુન્હાનુ તહોમત છે. તેમજ સદર ગુનાની જોગવાઈ જોતાં તેમાં અમુક સમયથી ઓછી નહી તેટલી સજા ફરમાવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હોય તે ધ્યાને લેતાં તેમજ આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલ કારણો તેમજ તેમની રજુઆતો ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગના માણસ જણાય છે તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે. તેમના ઉપર તેમના પરિવારની જવાબદારી છે. ગરીબ સ્થિતિને લીધે બચાવ કરવા અસમર્થ જણાતા હોય તેમજ તેઓનો આ પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે. જેથી જો આરોપીને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવામાં આવશે તો તેનાથી તેના પરિવાર ઉપર અસર થાય તેમ છે, તે સંજોગોમાં તેમને કાયદામાં જણાવેલ મહત્તમ સજા કરવાના બદલે નીચે મુજબ સજા કરવાનું ન્યાયી અને ઉચિત માનું છું અને ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૬૪ અન્વયે પ્રોહિબીશન એક્ટની કલમ–૬૫ એ.એ. મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૦૦/–** (અંકે રૂપિયા સો પુરાનો) દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તહોમતદારના અંગઝડતીના નાંણા સરકાર ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ કિમતી મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમી રાખવાનો અને મુદ્દામાલ અંગે કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો ત.ક.અમલદારે મુદ્દામાલ માલીકીની ખરાઈ કરી તેના માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે તથા તેની યાદી અત્રેની અદાલતને કરવી.

હુકમ આજ તારીખ:૧૪.૦૯.૨૦૨૪ ના રોજ લોક અદાલત/સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા: ૧૪.૦૯.૨૦૨૪
વડોદરા.

(નીરજ કુમાર યાદવ)
**જ્યુડી. મેજી. ફ. કલાસ, થર્ડ કોર્ટ**
**વડોદરા.**
કોડ: જીજે ૦૧૪૦૯

પા.નં.

દંડ રૂા.

તા:૧૪.૦૯.૨૦૨૪